# હિંમતનગરમાં પેટ્રોલ પંપ ઉપર પુરવઠાના દરોડા

## ડીઝલ-પેટ્રોલમાં ઘટ જણાતાં રૂ. ૧.૬૮ લાખનો જથ્થો સીઝ : પેટ્રોલ-ડીઝલના નમૂના પરિક્ષણ માટે મોકલવામાં આવ્યા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થાને સુદૃઢ અને લોકાભિમુખ બનાવવા માટે પુરવઠા વિભાગ દ્વારા જુદા જુદા મથકો ઉપર તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ દરમ્યાન હિંમતનગરના એક પેટ્રોલ પંપમાં ગેરરીતીઓ જણાતાં ડીઝલ-પેટ્રોલનો જથ્થો સીઝ કરી નમૂના લઈ પરીક્ષણ માટે એફ.એસ.એલ.માં મોકલી આપેલ છે.

જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થામાં કાળાબજાર અને સંગ્રાહખોરીને ડામવા જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીના સીધા માર્ગદર્શન હેઠળ પુરવઠા નિરિક્ષક આર.એચ. ચાવડા, જીતુભાઈ ઠક્કરે જુદા જુદા મથકો ઉપર તપાસ કામગીરી હાથ ધરી છે. તપાસ દરમ્યાન હિંમતનગર ખાતે આવેલા ભગવતી પેટ્રોલ પંપમાં ગેરરીતીઓ જણાઈ આવી હતી. તપાસ દરમ્યાન ડીઝલમાં ૧૬૪૪ લીટર તેમજ પેટ્રોલમાં ૧૦૫૦ લીટર ઘટ હોવાનું જમાતાં ૧૬૫૦ લીટર ડીઝલ અને ૧૧૦૦ લીટર પેટ્રોલ કે જેની કિંમત રૂ. ૧.૬૮.૨૩૦નો જથ્થો સીઝ કરી ડીઝલ-પેટ્રોલના સેમ્પલ એફ.એસ.એલ.માં પરિક્ષણ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લોકોને સરળતાથી સરકારની ધારાધોરણ મુજબ રેશનીંગનો જથ્થો મળી રહે તે માટે જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીએ અસરકારક આયોજન ગોઠવ્યું છે.

## પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ઓરાણ હાઈસ્કૂલ ખાતે આગામી માર્ચ-૨૦૧૩ની એસ.એસ.સી.-એચ.એચ.સી.ની પરીક્ષામાં પરીક્ષાર્થી તરીકે બેસનાર વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ શિક્ષણવિદ્ સુરેશભાઈ ભગતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં કાર્યક્રમની શરૂઆત શાળાની બાળાઓએ પ્રાર્થનાથી શુભારંભ કર્યો હતો. જ્યારે સ્વાગતગીત આંગણ કે દ્વારે રજૂ કરી મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જે સમારંભમાં શ્રી એમ.કે. પટેલે મહેમાનોનો પરિચય અને સ્વાગત પ્રવચન કર્યું હતું. આ સમારોહમાં પ્રમુખશ્રી સુરેશ ભગત, અતિથિ વિશેષશ્રી ડી.વી. મકવાણા, તાલુકા વિકાસ અધિકારી તથા દશરથભાઈ ગોસ્વામીનું કેળવણી મંડળના સભ્યો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વિદાય લેતા વિદ્યાર્થીઓ આકાશ પરમાર, હૈદર સૈયદે પોતાના શાળાના સંસ્મરણો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ધો. ૧૦, ૧૨ના વિદ્યાર્થીઓએ શાળાને રોકડ પુરસ્કાર અર્પણ કરી શાળાનું ઋણ અદા કર્યુ હતું. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી બી.બી. સાધુએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમાં વિદાય લેતા વિદ્યાર્થીઓની દિક્ષાન્તવિધિમાં કુમ કુમ તિલક ફૂલઝળી આપી મોં મીઠુ કરાવ્યું હતું. આ પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી સુરેશભાઈ ભગત તથા અતિથિવિશેષ વી.ડી. મકવાણા, શાળાના આચાર્યશ્રી ડૉ. કે.એન. રાઠોડ, કેળવણી મંડળના સભ્યશ્રી અમીચંદભાઈ પટેલ, પરબતસિંહ રાઠોડ વગેરે મહાનુભાવોએ પ્રસંગને અનુરૂપ પ્રેરણાદાયી પ્રવચન કરી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રીશ્રી મહેન્દ્રભાઈ જૈન, સહમંત્રી રાજેન્દ્રભાઈ શાહ, દશરથભાઈ પટેલ, અમીચંદભાઈ પરમાર તથા વડવાસાના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ, તાજપુર શાળાના આચાર્યશ્રી વિક્રમભાઈ પટેલ, દશરથભાઈ ગૌસ્વામી (પત્રકાર) મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. અંતમાં આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નટુભાઈ પટેલ તથા આભારવિધિ સંજયભાઈ સોનીએ સંભાળ્યું હતું.

## મસાલ ગામે લોખંડની એંગલો ભરેલ ટ્રેક્ટર પાછળ બાઈક ચાલક ઘુસી જતા કરૂણ મોત

હિંમતનગર, તા. ૨૦

ઈડર તાલુકાના મસાલ ગામની સીમમાં લોખંડની એંગલ ભરેલા ટ્રેક્ટર પાછળ મોટરસાયકલ ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે ઈડર પોલીસે ગુનો નોંધી સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઈડર તાલુકાના મસાલ ગામની સીમમાં ગતરોજ સાંજના સુમારે ટ્રેક્ટર નં. જીજે-૨-એ.એસ.-૬૪૩નો ચાલક ટ્રેક્ટરમાં લોખંડની એંગલો લઈ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો અને બધી એંગલો ટ્રેક્ટરની ટ્રોલી કરતા બહાર નીકળેલી હતી. દરમિયાન આજ માર્ગ પર પાછળથી એક મોટરસાયકલ ચાલક ભગવાનદાસ કુરીયાજી સગર (ઉં.વ.૪૧) રહે. વિજયનગર સોસાયટી, ઈડર) મોટરસાયકલ જીજે-૯-આર-૭૯ લઈ પસાર થઈ રહ્યો હતો અને અચાનક આગળના ટ્રેક્ટરના ચાલકે માર્ગમાં અચાનક બ્રેક મારી દેતા મોટરસાયકલ ચાલક ટ્રેક્ટરની પાછળ ઘુસી તેણે ગંભીર ઈજાઓ પહોચતા તેનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે રમેશભાઈ સગરની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

## રાજસ્થાનમાંથી ખેત ઉપજના વાહનો લઈ આવતા ટ્રક ડ્રાઈવરો દ્વારા પોલીસ કનડગત બંધ કરવા ગૃહમંત્રીને ફરિયાદ

### જગાણા પાસે વાહન અટકાવી વાહન દીઠ બળજબરીપૂર્વક રૂ. ૫૦૦ ઉઘરાવે છે

ઊંઝા, તા. ૨૦

રાજસ્થાનમાંથી ખેત ઉપજના માલ વાહનમાં ભરીને વેચાણઅર્થે ઊંઝા માર્કેટયાર્ડમાં આવી રહેલ ખેડૂતોના વાહનોને બનાસકાંઠા પોલીસે જગાણા પાસે અટકાવી વાહનદીઠ રૂ. ૫૦૦ રૂપિયા બળજબરીપૂર્વક વસૂલ કરતી વેળા થયેલ વાહન અકસ્માતમાં માલ ભરીને આવતા જીપડાલાના ચાલકનું કરૂણ મોત થવા અંગે રાજસ્થાનના ડ્રાઈવરો દ્વારા પોલીસ કનડગત બંધ કરવા અને અકસ્માતના કિસ્સામાં ચાલકના થયેલ મોત સંદર્ભે દોષિત પોલીસ કર્મચારીઓ સામે કડક પગલા ભરવા માટે ઊંઝા ધારાસભ્યે રાજ્યના ગૃહપ્રધાનને લેખિત ફરિયાદ કરેલ છે.

ઊંઝા ધારાસભ્ય નારાયણભાઈ પટેલે રાજ્યના ગૃહમંત્રીને પાઠવેલ એક પત્રમાં જણાવ્યુંછે કે, વેપારી મથક ઊંઝા ખાતે આવેલ માર્કેટયાર્ડમાં સિઝન શરૂ થવાથી રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ તેમજ ગુજરાતના સૌરાષ્ટ્રમાંથી ખેડૂતો પોતાની ખેત ઉપજના માલો વાહનોમાં ભરીને અત્રે વેચાણ માટે આવતા હોય છે. માલનું રક્ષણ કરવા માટે ખેડૂતો, વાહનો ઉપર બેસતા હોય છે. તેને મુસાફર માનીને પોલીસ દ્વારા માર્ગમાં માર મારવામાં આવે છે અને વાહનદીઠ ૫૦૦ રૂ. પાવતી વગર વસૂલ કરાય છે.

ગત તા. ૧૮મી ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનના સિરોહી જિલ્લાના રેવદર તાલુકાના દોલપુરા તથા હાંસલ ગામેથી ત્રણ પીકઅપ વાહનોમાં વરિયાળીનો માલ લઈને ખેડૂતો ઊંઝા ગંજબજારમાં વેચાણ કરવા માટે આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં પાલનપુર તાલુકાના જગાણા ગામે ફાટક પાસે પોલીસ વાહન નં. જીજે-૮-૧૧૦૪ માં ફરજ પરના પોલીસ કર્મચારીઓએ વાહનો રોકી વાહનદીઠ ૫૦૦ રૂપિયા બળજબરીપૂર્વક વસૂલ કરી આ અંગેની કોઈ પાવતી આપી ન હતી.

પોલીસ દ્વારા ત્રણ વાહનોને અટકાવવાના કારણે સામેથી આવતી ટ્રકે અકસ્માત સર્જતા પીકઅપ વાન નં. આર.જે.-૨૪-૧૦૬૦ના ચાલક મુકેશભાઈ નાથુભાઈ કોળી રહે. દોલપુરા તા. રેવદરનું કરૂણ મોત થયું હતું. આ બનાવ અંગે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ગયેલ ફરિયાદીને માર મારવાની ધમકી આપી ફરિયાદ નોંધ્યા વિના કાઢી મૂક્યા હતા.

રાજસ્થાનના ડ્રાઈવરોએ આ અંગે ઊંઝા બજાર સમિતિના હોદ્દેદારોને ફરિયાદ પણ કરેલ છે. તો બનાસકાંઠા પોલીસ કર્મીઓ દ્વારા ખેડૂતોના વાહનને રોકી રૂપિયા ૫૦૦ પડાવવાની લાલચમાં જીપ ડ્રાઈવરના થયેલ મોત અંગે જવાબદારો સામે કાયદાકીય રીતે કડક પગલા ભરાય તેવી અમારી ભલામણ છે.

## પાલનપુર સિવિલ હોસ્પિટલના કેન્ટિનનું રીટેન્ડરીંગ ક્યારે થશે?

પાલનપુર, તા.૨૦

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે આવેલ સિવિલના મુખ્ય દ્વાર પાસે એમ્બ્યુલન્સના ગેરેજમાં અગાઉ બનાસકાંઠાના સમાહર્તા આર.જે. પટેલે કોઈપણ ટેન્ડર વિના માત્ર ભાડાથી નક્કી કરીને સિવિલનું કેન્ટીન બિજલ ફાઉન્ડેશનને ફાળવવામાં આવેલ. ત્યારબાદ અગાઉના વર્ષે અન્ય સંસ્થાઓ પણ ઈન્ટ્રેસ્ટ લેતાં સિવિલ સત્તાવાળાઓએ ટેન્ડર બહાર પાડતાં અનેક સંસ્થાઓએ ટેન્ડર ભર્યા હતાં. પણ ૭૨ હજારના વાર્ષિક ભાડા પેટે બિજલ ફાઉન્ડેશને જ વધુ ભાવ હોવાના કારણે શળવાયું અગાઉના ભાડા કરતાં વધુ આવક થતાં સિવિલને આવકના ફાયદો થયો હતો. પણ કેન્ટીન ટેન્ડરની મુદત પૂર્ણ થતાં ફરીથી ટેન્ડર બહાર પાડવામાં આવ્યું. પણ ટેન્ડરની ચકાસણીમાં હોબાળો સર્જાયો હતો. જ્યારે તે ટેન્ડર કોઈ જાહેર ખબર પણ પાડવામાં આવી ન હતી. તેવા ટેન્ડર ભરનારાઓના આક્ષેપો હતા. જેમાં હોબાળો સર્જાતા. તમામ ટેન્ડરો જિલ્લા સમાહર્તા પાસે મોકલવામાં આવ્યા. જેમાં સૌથી વધુ એકલાખ પચ્ચીસ હજારનું ધાનેરા ટ્રસ્ટનું હતું. ત્યારબાર એક લાખ અગિયાર હજારનું પાલનપુરની બે સંસ્થાનું હતું. જ્યારે વર્તમાન કેન્ટીન ચલાવનાર બીજલ ફાઉન્ડેશનના સંચાલકનું માત્ર ૨૨ હજારનું જ ટેન્ડર ભર્યું હતું. જેને ગત વર્ષે ૭૨ હજારનું ભર્યું હતું. તો આ વખતે ૨૨ હજારનું જ ટેન્ડર ભરીને સંસ્થાને આવકમાં નુકસાન કરવાનું કામ કર્યું હતું. જ્યારે સઘળી હકીકત જિલ્લા સમાહર્તા પાસે જતાં જિલ્લા સમાહર્તાએ થયેલ ટેન્ડર પ્રક્રિયા રદ કરીને ફરીથી રીટેન્ડરીંગ કરવાની દરખાસ્ત કરી હોવાનુ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.

## મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોની હડતાલ સમેટાઈ

મોડાસા, તા.૨૦

મોડાસા નગરપાલિકામાં છેલ્લા વીસ વર્ષ ઉપરાંતથી ૮૦ જેટલા સફાઈ કામદારોને રોજમદારી પર રાખી કાયમી ન કરી નગરપાલિકાએ છેવાડાના માનવી કે જેઓ સફાઈનું કામ કરી રહ્યા છે તેવા ગરીબ કામદોરનું શોષણ થતું હોવાના કારણે સફાઈ કામદારો હડતાલ પર ઉતર્યા હતા. પરિણામે આજે મોડાસા નગરપાલિકાના હડતાલી સફાઈ કામદારોની માંગ ત્વરિત સ્વીકારવાની બાંહેધરી ચીફ ઓફીસરે અને અધ્યક્ષે આપી સમાધાન કરી પરત કામે ચઢાવ્યા હતા.

મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોને છેલ્લા વીસ વર્ષથી કાયમી ન કરવા મુદ્દે આજે પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે નગરપાલિકાના છેવાડાના માનવી કે જેઓ સફાઈનું કામ કરી રહ્યા છે તેવા ગરીબ કામદારોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. આથી ત્વરીત તમામ સફાઈ કામદારોને પાછલી અસરથી કાયમી કરી તેઓને લાભ આપી વિના વિલંબે થયેલ અન્યાય દૂર કરવા જણાવ્યું હતું.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

એસ.ટી. કર્મચારીઓની હડતાલના કારણે ખેડબ્રહ્મા એસ.ટી. ડેપો સજ્જડ બંધ રહેતા ખેડબ્રહ્માના પેસેન્જરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ હડતાલનો લાભ કેટલાક જીપડ્રાઈવરોએ ઉઠાવતા મનફાવે તે રીતે જીપમાં પેસેન્જરો ભરી ડબલ ભાડુ લેવાના બનાવો બન્યા હતા. એસ.ટી.ની બસો મંગળવારના રોજ ગામડાઓમાં ગઈ હતી તે બસોને ગામડામાં મુકી ડ્રાઈવર-કંડકટર ખાનગી વાહનોમાં ખેડબ્રહ્મા પરત આવ્યા હતા.

## હડતાલને પગલે એસ.ટી. બસના પૈડા થંભી જતા હજારો મુસાફરો અટવાયા

મહેસાણા, તા. ૨૦

ડીઝલના ભાવ વધારા અને એસ.ટી. કામદારોના કેટલાક પ્રશ્નોના ઉકેલ મુદ્દે ગુજરાત એસ.ટી. નિગમના માન્ય ત્રણેય સંગઠનો દ્વારા અપાયેલ સામૂહિક હડતાલના એલાન મુજબ મહેસાણા એસ.ટી. વિભાગમાં ગત મધરાતથી એસ.ટી. બસના પૈડા થંભી જતાં હજારો મુસાફરો અટવાયા છે.

આ હડતાલમાં વિભાગના ૩૨૦૦ જેટલા કર્મચારીઓ જોડાયા છે. એટલે બસોનું દૈનિક સંચાલન ઠપ્પ થઈ જતાં અંદાજે ૭૦૦ જેટલા વિવિધ રૂટો પર દોડતી બસ સર્વિસો બંધ થઈ જવા પામી છે. એસ.ટી. કામદારોની સામૂહિક હડતાલને પગલે બસોમાં રોજિંદા મુસાફરી કરતા નાના મોટા ધંધાર્થીઓ, નોકરીયાતો તેમજ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ભારે પરેશાની ભોગવી રહ્યા હોઈ તેઓની હાલત કફોડી બની છે. બહે દિવસના હડતાલને કારણે મુસાફર જનતાને પારાવાર મુશ્કેલી ઉભી થવાની સાથે એસ.ટી. નિગમને પણ આવક ગુમાવવી પડતાં તંત્રને ખાસ્સું આર્થિક નુકશાન થશે તેમ જણાય છે.

## સાબરકાંઠા જિલ્લામાં મહિલા શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૨૦

જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર પરખ સંસ્થા હિંમતનગર દ્વારા બે દિવસીય શિબિર/તાલીમ તા. ૧૮-૧૯ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સાબરડેરી તથા માર્કેટયાર્ડના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કચ્છી સમાજવાડી હિંમતનગર ખાતે યોજાઈ ગઈ.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કમિશનર મહિલા અને બાળ વિકાસ કચેરીના માર્કેટયાર્ડના ચેમરેન શ્રી જેઠાભાઈ પટેલ, કમીશનર મહિલા અને બાળ વિકાસ કચેરીના આસીસ્ટંટ મોનીટરીંગ ઓફીસર સરોજબેન પટેલ, ફૂડ એન્ડ ન્યુટ્રીશન પરમજીત કૌર, પરખ સંસ્થાના મંત્રીશ્રી તથા એસ.ટી.ના ડીરેક્ટરશ્રી કું. કૌશલ્યા કુંવરબા પરમાર, લો કોલેજના પ્રોફેસર પંકજભાઈ પંડ્યા, કાનૂન સલાહ કેન્દ્રના સામાજિક કાર્યકર પન્નાબેન હિંમતનગર સિવિલ ક્ષય વિભાગમાંથી શ્રી રાઠોડ સાહેબ, તાલુકા કારોબારી અધ્યક્ષ શ્રી વિક્રમસિંહ, વિસ્તરણ અધિકારી સોલંકી સાહેબ તથા પરખ સંસ્થાના પ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબિરમાં ગાંધીનગરથી આવેલ પરમજીત કૌરે ફૂડ એન્ડ ન્યુટ્રીશન ઉપર મહિલાઓને માહિતી આપેલ. સરોજબેને મહિલા કલ્યાણ કેન્દ્રની કામગીરી વિષે માહિતી આપેલ. કું. કૌશલ્યા કુંવરબા પરમારે મહિલા સશક્તીકરણ તેમજ મહિલાઓ પર થતા અત્યાચાર વિષય પર માહિતી આપેલ. ક્ષય વિભાગ હિંમતનગરથી આવેલ રાઠોડ સાહેબે ક્ષયરોગ, રક્તપીત્ત તથા એઈડ્સ રોગ વિશે માહિતી આપેલ તથા તેને અટકાવવા શું શું કરવું જોઈએ તે વિષે માહિતી આપેલ. લૉ કોલેજ હિંમતનગરથી આવેલ પ્રોફેસર શ્રી પંકજભાઈ પંડ્યા સાહેબે બહેનોને લગતા જુદા જુદા કાયદાઓની કલમો સહિત જાણકારી આપેલ.

વિસ્તરણ અધિકારી સોલંકી સાહેબે સરકારશ્રીની યોજનાઓ વિષે જાણકારી આપેલ. તથા તાલુકા કારોબારી અધ્યક્ષ તથા વિક્રમસિંહે ભરણપોષણના કાયદા વિષે માહિતી આપેલ. તથા સંસ્થાના પ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલે શિક્ષણ અને સંસ્કાર વિષય પર પોતાના વિચારો રજૂ કરેલ, શિબિરના અંતે પંચાલ અવનીબેને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તાલિમ આપેલ. આ કાર્યક્રમમાં આશરે ૪૦૦ બહેનોએ ભાગ લીધો હતો.

## દાહોદ જિલ્લામાં દારૂના પ્રશ્ને ગૃહમાં હોબાળો થયો

ગાંધીનગર, તા. ૨૦

દાહોદ જિલ્લામાં ગયા એક વર્ષમાં કેટલો વિદેશી અને દેશી દારૂ પકડવામાં આવ્યો તેવા એક પ્રશ્નમાં ગૃહમાં આજે ભારે ઉત્તેજના છવાઈ હતી. પકડાયેલા બુટલેગરોને છોડી મૂકવા કોંગ્રેસના સભ્યો ટેલિફોન કરે છે તેવા ગૃહ રાજ્યપ્રધાન રજની પટેલના જવાબથી કોંગ્રેસના ધારાસભ્યોએ ઉભા થઈ બુમરાણ મચાવી હતી અને પ્રશ્ન પૂછનાર કોંગ્રેસના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા તો વેલ તરફ પણ ધસી ગયા હતા. જો કે અધ્યક્ષ વજુભાઈ વાળાએ આ શબ્દો રેકોર્ડ પરથી રદ કરવાની સુચના સાથે મીઠી કડકાઈથી સભ્યોને શાંત પાડી દીધા હતા.

ચંદ્રિકાબેનના પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રીએ ઉપરોક્ત ગાળામાં ૧૭૦૪૬૭૦૯ રૂપિયાનો વિદેશી દારૂ પકડાયો હોવાની માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદ પર કડક ચેકિંગ રાખીને ગુજરાતમાં આવતો દારૂ રોકવાના પ્રયાસો કરવામાં આવે છે. ગૃહ વિભાગ બુટલેગરોને પકડવા માટે ઉદાસીન છે તેવા ધારદાર પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પકડાયેલા બુટલેગરને છોડાવવા ધારાસભ્યોના ફોન આવે છે. તેમના આ શબ્દો સામે કોંગ્રેસના તમામ સભ્યોએ ઉભા થઈ વિરોધ કરતાં અધ્યક્ષ વજુભાઈએ આ શબ્દ રેકોર્ડ પરથી દૂર કરવાની જાહેરાત કરી હતી. તેમ છતાં કોંગ્રેસના સભ્યોએ શબ્દો પાછા ખેંચવા માગણી કરતાં વજુભાઈએ શબ્દો રદ કર્યા છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮